અપીલ અરજી નં.૩૫૫ તા.૨૪–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુબારકઅલી ગુલામનબી રમજાનશાં સીદી બાદશાહ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુબારકઅલી ગુલામનબી રમજાનશાં સીદી બાદશાહની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખાટકીવાડ, નુરાડોસા કેરોસીન ડેપોની બાજુની મિલકત નોંધ નં. ૧૨/૧૦૬૪નાં નવા આર.સી.સી.બાંધકામ પ્લાનની મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૫/૨૦૧૧–૧૨

શ્રી મુબારકઅલી ગુલામનબી રમજાનશાં સીદી બાદશાહની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ખાટકીવાડ, નુરાડોસા કેરોસીન ડેપોની બાજુની મિલકત નોંધ નં. ૧૨/૧૦૬૪નાં નવા આર.સી.સી.બાંધકામ પ્લાનની મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૭ તા.૮–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૫૧૭ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને માહિતી દસ્તાવેજી આપ્યા અંગે પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/૧૪૯૯ તા.૧૫–૧૧–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/આ.નં.૧૩૭૫ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી ખાટકીવાડ, નુરાડોસા કેરોસીન ડેપોની બાજુની મિલકત નોંધ નં. ૧૨ / ૧૦૬૪ નાં નવા આર.સી.સી.બાંધકામ તથા શાહપોર અને સૈયદવાડાના જુદા જુદા મિલ્કત નંબરોના બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર અને ડે. ટાઉન પ્લાનર (પીએન્ડડી) અને સેન્ટ્રલઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળવાથી તા.૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેવું અપીલ અરજીના ફોર્મમાં જણાવેલ છે. જયારે તેની સાથે તા.૨૪–૧૦–૧૧ ના બીડાણ પત્રમાં બંને જાહેર માહિતી અધિકારીઓએ માહિતી નીલ આપેલ અથવા માહિતીની નકલો અમો અરજદારને પાઠવેલ ન હોવાથી નારાજ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૭૫ તા.૨૪–૧૦–૧૧ થી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૪ અંગે રજાચિઠ્ઠીની નકલ રૂા.૨/– ભર્યેથી મળશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૯૨૩૩૪ તા.૯–૧૧–૧૧ ના રોજ પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૪૯૯ તા. ૧૫–૧૧–૧૧ થી ભરપાઈ કર્યેથી ૧૨/૧૨૪૩–૪૪ મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની નકલ પૂરી પાડવામાં આવેલ છે.જેમાં મુદ્દા નં.(૧) ખાટકીવાડ, નુરાડોસા કેરોસીન ડેપોની બાજુની મિલકત નોંધ નં. ૧૨ / ૧૦૬૪ નાં નવા આર.સી.સી.બાંધકામ પ્લાનની મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ. મુદ્દા નં.(૨) મજકુર મિલ્કતમાં રજૂ કરેલ બાંધકામ અંગેના પેપરોની માહિતીની નકલો. મુદ્દા નં.(૩) શાહપોર –નાણાવટની મિલ્કત નોંધ નં.૧૨/૧૧૦૭ ના નવા ચાર માળના આરસીસી બાંધકામ પ્લાનની મંજુરીની રજાચિઠ્ઠી માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૧ થી ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.( ૪) શાહપોર જે. જે. માધ્યમિક શાળાની સામે પાંચ માળની મિલ્કતની નોંધ નં.૧૨/૧૨૪૩ – ૪૪ આર.સી.સી. બાંધકામની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોંધ નં.૧૨/૧૨૪૩– ૪૪ મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની નકલના રૂા.૨/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૯૨૩૩૪ તા.૯–૧૧–૧૧ ના રોજ રૂા.૨/– ભરપાઈ કર્યેથી અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૯૨

તા.૧૫–૧૧–૧૧ થી નકલ આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૫) સૈયદવાડા પ્રણામી મંદિરની સામેની મિલ્કત નોંધ નં.૧૨ /૨૭૪૯ ની બાજુમાં જનાબ એપાર્ટ. ચાર માળના નવા આર.સી.સી. બાંધકામના પ્લાનની મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ. મુદ્દા નં.(૬) સૈયદવાડા છોટા એડુસ, કોર્પોરેટર સોલંકીના ઘર પાસેની મિલ્કત નોંધ નં.૧૨/૨૨૦૨ પૈકી ૨૧૬૦ માં આરસીસી ગેરકાયદેસર આર.સી.સી.ના બાંધકામ અંગેના પેપરોની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૫ અને ૬ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૪ ની માહિતી રજાચિઠ્ઠીની નકલ સહિત પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૧ થી ૩ અને મુદ્દા નં.૫ થી ૬ ની માહિતી ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે આનુષાંગિક પ્લાન મંજુરીના રજીસ્ટરોમાં બાંધકામની મંજુરીની નોંધણી થતી હોય તેવા નોંધણી રજીસ્ટરો તથા મંજુરી વિનાના બાંધકામ ધ્યાન પર આવેલ હોય તો તેવા રજીસ્ટર કે દફતરી નોંધણીની વિગતો દફતરી રેકર્ડ ઉપર હોવું અનુમાનિત છે જેથી તેવા દફતરી રેકર્ડનું અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડવાનું રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં રેકર્ડ ઉપર આવી કોઈ માહિતી જણાતી નથી તેવી અરજદારને જાહેર માહિતી અધિકારીએ સમય અવધિ બાદ આપેલી માહિતીના અનુસંધાને કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળના સબંધિત દફતરની તપાસણી કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી મુબારકઅલી ગુલામનબી રમજાનશાં સીદી બાદશાહ